R.N.I. No. : GUJGUJ/2000/447-

અયૂબ ૪૦ : ૧૯

Ahmedabad Jurisdiction

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૯

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 48 DATE: 01-12-18• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ભારતમાં ફાંસીની સજા યથાવત રહેશે : સુપ્રીમ કોર્ટનો મહત્વપુર્ણ ચુકાદો

સુપ્રીમ કોર્ટે એક મહત્વપુર્ણ ચુકાદો આપીને સ્પષ્ટ કર્યુ છે કે ભારતમાં મૃત્યુદંડની સજા યથાવત રહેશે.સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે ૨-૧થી બહુમતથી ચુકાદો આપ્યો હતો. આ બેન્ચમાં જસ્ટીસ કુરીયન જોસેફ,જસ્ટીસ દિપક ગુપ્તા, જસ્ટીસ હેમંત ગુપ્તા સામેલ હતા.છત્તીસગઢમાં ટ્રીપલ હત્યાના આરોપ સજા ભોગવી રહેલા આરોપીના એક મામલાની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો.



સુપ્રીમ કોર્ટની બેન્ચમાં સામેલ સિનિયર મોસ્ટ જજ કુરિયન જોસેફે લોક કમિશનના રિપોર્ટનો હવાલો આપીને કહ્યુ કે મૃત્યુદંડ સમાજમાં અપરાધ ખતમ કરવા નિષ્ફળ રહ્યો છે.ટ્રાયલ સામાન્ય રીતે જનતાના સુચનો અને સામુહિક માંગ વચ્ચે હોય થી હોય છે અને તપાસ એજન્સી ઝનુની રીતે જનતાની ભાવનાને કારણે મૃત્યુદંડ માટે અદાલત પર દબાણ કરે છે. જોકે બેન્ચના અન્ય બે જસ્ટીસ પોતાના વરિષ્ઠ સહયોગી જજ સાથે સહમત થયા નહોતા. બહુમતી ચુકાદા સંભળાવતા જસ્ટીસ દિપક ગુત્પાએ કહ્યુ હતું કે મૃત્યુદંડ એક માન્ય સજા છે.તેમણે આ માટે તેમણે ૧૯૮૦માં બચનસિંહ એ મછીસિંહના મામલામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો હવાલો આપ્યો હતો.અને કહ્યુ હતું કે મૃત્યુદંડમાં સુધારો કરવાના મામલે કોઈજ ચર્ચાની જરુર નથી. જોકે તાજેતરના કેસ મામલે ત્રણ જજોની સર્વસંમતિથી દોષી છન્નુ લાલ વર્માની મોતની સજાને ઉંમરકેદમાં બદલવામાં આવી હતી.

## પત્રકાર ગૌરી લંકેશની હત્યાનું ષડયંત્ર પાંચ વર્ષથી ઘડાઇ રહ્યું હતું : સીટ

પત્રકાર ગૌરી લંકેશ હત્યાકાંડની તપાસ કરતી સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ(એસઆઈટી) એ બેગલુરુની એક અદાલતમાં એક વધુ ચાર્જશીટ દાખલ કરી છે. જેમાં હિન્દુ સંગઠન સનાતન સંસ્થા પર આરોપ છે કે તેના સભ્યોએ ગૌરી લંકેશ પર ગોળીબાર કર્યા હતા.૯૨૩૫ પાનાની આ ચાર્જશીટમાં જણાવાયું છે કે સનાતન સંસ્થાની અંતગર્ત રહેલા એક નેટવર્ક ગૌરી લંકેશને નિશાન બનાવ્યા હતા.ચાર્જશીટમાં જણાવાયું છે કે ગૌરી લંકેશની હત્યાનું ષડયંત્ર છેલ્લા પાંચ વર્ષથી ઘડાઈ રહ્યું હતું.તેઓની હત્યા એટલા માટે કરવામાં આવી કે તેઓ એક ખાસ વિચારધારાને અનુસરી રહ્યા હતા. જ્યારે હત્યારા અને ગૌરી લંકેશ વચ્ચે કોઅિદાવત નહોતી. ડાબેરી વિચારના સમર્થક અને હિન્દુત્વ વિરોધી વિચારો માટે જાણીતા ગૌરી લંકેશની હત્યા ગત વર્ષે ૫ સપ્ટે.તેમના ઘરની બહાર ગોળી મારીને કરાઈ હતી.એસઆઈટીના સુત્રો અનુસાર અત્યાર સુધીમાં શુટર પરશુરામ વાઘમારે અને હત્યાના માસ્ટરમાઈન્ડ અમોલ કાલે,સુજીતકુમાર ઉર્ફે પ્રવીણ અને અમિત દેગવેકર સહિત ૧૮ લોકો આરોપી છે.

## દેશના ઇતિહાસમાં પહેલીવાર ૨૦૦થી વધુ ખેડુત સંગઠનોના નેજા હેઠળ એક લાખથી વધારે ખેડુતો રામલીલા મેદાન પર આંદોલન છેડશે : દેવા મુક્ત ખેડુત,આત્મહત્યામુક્ત દેશ આપવાની બુલંદ માંગ

ખેડુતોની સમસ્યાઓ પર ચર્ચા કરવા સંસદના ૩ સપ્તાહના વિશેષ સંયુક્ત સત્રની માંગ સાથે એક લાખ કરતાં વધુ ખેડુતોએ દિલ્હીની સરહદ પર આવેલા બ્રિજવાસનથી રામલીલા મેદાન તરફ કુચ કરી હતી.૨૦૦થી વધુ ખેડુત સંગઠનોના એકછત્રી સંગઠન અખિલ ભારતીય ખેડુત સંઘર્ષ સંકલન સમિતિના નેજા હેઠળ રાજધાની દિલ્હીમાં ૨૯-૩૦ નવેમ્બરના રોજ બે દિવસીય કિસાન મુક્તિમાર્ચનું આયોજન કરાયું છે.તેમાં ભાગ લેવા ગુજરાત,આંધ્ર,મહારાષ્ટ્ર,મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ,યુપી,તામિલનાડુ સહિત દેશભરમાંથી આવેલા હજારો ખેડુતોએ રામલીલા મેદાન તરફ મહાકાય રેલીઓ કાઢી હતી.ખાતર,જંતુનાશકોથી માંડીને ડીઝલ મોંઘા થવાથી ખેડુતોને ભીખ માંગવાની ફરજ પડી રહી છે.સરકારની નીતિઓ ખેડુતોને વધુ ગરીબ બનાવી દીધા છે.લોનો મોંઘી બની રહીછે. પાક નિષ્ફળ જાય તો કોઈ વળતર મળતું નથી.સરકારની તમામ યોજનાઓ છમ્મ છે. વીમા કંપનીઓ નફો રળી રહીછે.

## મહારાષ્ટ્રમાં મરાઠાઓને ૧૬ ટકા અનામત આપતું વિધેયક પસાર કરાયું

મહારાષ્ટ્રની વિધાનસભાએ મરાઠા સમુદાય માટેના ૧૬ ટકા અનામત આપતા વિધેયકને સર્વાનુંમતે પસાર કરી દીધું છે.આ સાથે જ મહારાષ્ટ્રમાં સામાજિક અને આર્થિક રીતે પછાત એવા મરાઠાઓને શિક્ષણમાં અને નોકરીઓમાં ૧૬ ટકા અનામતનો લાભ મળશે.જો કે મરાઠાઓને મહારાષ્ટ્રમાં અનામતની જાહેરાત થઈ તેની સાથે દેશભરમાં અન્ય કેટલાક સમુદાયોએ પણ આ રીતે તેમને અનામત મળે તેવી માંગણી બુલંદ કરી છે. બ્રાહ્મણો, રાજપુતો,પટેલો અને અન્ય કેટલાક સમુદાયો છેલ્લા કેટલાક સમયથી અનામતની માંગણી કરી રહ્યા છે. અને ગુજરાતમાં તો પટેલોએ તો તેના માટે એકથી વધુ વાર આંદોલનનો માર્ગ પણ અપનાવ્યો હતો.

મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયની વસતી ૩૩ ટકા છે.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે મરાઠાઓને અનામત આપતું બિલ ગૃહમાં રજુ કર્યુ હતું અને તેની સાથે વિપક્ષી સભ્યોનો પણ આભાર માન્યો હતો.ગૃહે બિલ સર્વાનુંમતે પસાર કરી દીધું હતું.મહારાષ્ટ્રમાં મરાઠાઓની વસ્તીનું પ્રમાણ ૩૩ ટકા જેટલું છે.એટલે ૧૩ કરોડની વસ્તી મરાઠાઓની છે.રાજ્યમાં ૧૮ માંથી ૧૦ મુખ્યમંત્રીઓ આ જ સમુદાયમાંથી આવ્યા છે.જો આ તમામ મુખ્યમંત્રીઓના સમગ્રતથા શાસનકાળને જોઈએ તો ૧૯૬૦થી રાજ્યની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીમાં મરાઠાઓનું શાસન ૩૦ વર્ષ સુધી રહ્યું છે.વાય.બી.ચવાણ,શરદ પવાર,વસંતદાદા પાટીલ,શંકરરાવ ચવાણ અને વિલાસરાવ દેશમુખ જેવા દિગ્ગજો મરાઠા સમુદાયમાંથી આવે છે.મરાઠાઓ રાજ્યના ૨૮૮ મતવિસ્તારોમાંથી ૨૦૦ વિસ્તારોમાં પ્રભુત્વ ધરાવે છે.માટે ભાજપે મરાઠા મતદારોને રીઝવવા માટે આ દાવ ખેલ્યો છે.

## મુંબઇના દરિયા કિનારે પ્રસ્તાવિત શિવાજીની પ્રતિમા કોઇપણથી ડર્યા વગર સૌથી ઉંચી બનાવો : શિવસેના

શિવસેનાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને કહ્યુ હતું કે તેઓ ઘોષણા કરે કે મુંબઈના સમુદ્ કિનારે પ્રસ્તાવિત છત્રપતિ શિવાજીની પ્રતિમાં દુનિયામાં સૌથી ઉંચી હશે.તેમજ આ મુદ્દે તેમણે નરેન્દ્ર મોદી કે અમિત શાહથી ડરવાની જરુર નથી.શિવસેનાએ કહ્યુ હતું કે રાષ્ટ્રવાદી પાર્ટી(એનસીપી)ના મહારાષ્ટ્રના પ્રમુખ જયંત પાટિલે દાવો કર્યો છે કે પટેલની પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનીટી દુનીયાની સૌથી ઉંચી પ્રતિમાં બને એ માટે મુંબઈના સમુદ્રમાં બનનારી છત્રપતિ શિવાજીની પ્રતિમાંની ઉંચાઈ ઓછી કરી દેવાઈ છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં લખ્યું છે કે પટેલની પ્રતિમાં ઉંચી સાબિત થયા એ માટે શિવાજીની પ્રતિમાની ઉંચાઈ ઓછી કરવી એ સંકુચિત,વિકૃત માનસિકતાની નિશાની છે.

તેમાં લખ્યું છે કે મુખ્યમંત્રીએ જે હિમતથી મરાઠાઓની અનામતની ઘોષણા કરી એજ સાહસથી શિવાજીની દુનીયામાં સૌથી ઉંચી પ્રતિમાના નિર્માણની ઘોષણા કરવી જોઈએ.સંપાદકીયમાં લખ્યું છે કે ફડનવીસે નરેન્દ્ર મોદી કે ભાજપ અધ્યક્ષ અમિત શાહથી ડરવું જોઈએ નહીં.શિવસેનાએ ફડનવીસને યાદ અપાવ્યું હતું કે કઈ રીતે મહારાષ્ટ્રને મુંબઈ મળે તે માટે તત્કાલીન કેન્દ્રીય નાણાંમંત્રી ચિંતામણીરાવ દેશમુખે જવાહરલાલને રાજીનામું આપી દીધું હતું.

## તામીલનાડુ પછી મહારાષ્ટ્ર વધુ ક્વોટા વાળું રાજ્ય

મહારાષ્ટ્ર સરકારે ૧૬ટકા મરાઠા અનામત સાથેનું બિલ પસાર કર્યુ તેની સાથે જ તામિલનાડુ પછી તે સૌથી વધુ ક્વોટા ધરાવતું રાજ્ય બની ગયું છે.મહારાષ્ટ્રમાં અનામતની કુલ ટકાવારી હવે વધીને ૬૮ ટકા થઈ છે.તામિલનાડુમાં આ ટકાવારી ૬૯ ટકા છે.હરિયાણામાં સરકારે અનામત વધારીને ૬૭ ટકા કરી છે.જ્યારે દક્ષિણ તેલંગાણામાં ૬૨ ટકા વસતી અનામત હેઠળ આવરી લેવાઈછે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

દેશને પ્રમાણિકપણે પોતાનું સર્વસ્વ અર્પણ કરનારા કર્મશીલોએ વિશાળ હિતમાં દેશસેવા કરી છે તેમને ભાંડનારી એક જમાત છે અને તેમણે ખાસ કરીને રુપીયા રળવા સિવાય કોઇ યોગદાન દેશ માટે આપ્યું નથી એવા લોકો પોતાને ચઢિયાતા સાબિત કરવા માટે અન્યોની બદબોઇ કરતા રહે છે જેમાં કોઇ દોષ હોતો નથી.ખાસ કરીને છેલ્લા દસ વર્ષમાં દેશમાં કટ્ટરવાદીઓનું વર્ચસ્વ વધવા લાગ્યું અને તેમાં ધર્મનું અફીણ પીવડાવીને તેમણે લોકોને તૈયાર કરવામાં હિદુત્ત્વ કટ્ટરવાદીઓએ કોઇ કસર બાકી રાખી નથી.કેટલાક ઉદાહરણો તરફ નજર કરીએ તો મધર ટેરેસાએ જે કામ કર્યું છે તે આ કટ્ટરવાદીઓમાંના કોઇએ કર્યુ નથી. તેમણે ગરીબો,વંચિતો અને માંદાઓ માટે પોતાની જાત ખર્ચી નાંખી છે. રક્તપિત્તના દર્દીઓના ઘાવો સાફ કર્યા છે અને તેમને માટે જીવન જીવવા માટે તૈયાર કર્યા છે. એજ રીતે અમુલ એટલે શ્વેતક્રાંતિ અને તેના પ્રણેતાઓ પૈકી ડો.કુરીયન જેમણે સહુ પ્રથમ ખેડા જિલ્લાના ગરીબોને બેઠા કર્યા.નાના ખેડુતો અને ગામડાઓ સધ્ધર થયા અને આ ક્રાંતિ આખા દેશમાં ફેલાઇ ગઇ.પરિણામો આપણા સહુના સમક્ષ છે.આમાં ધર્માતરણ ક્યાં આવ્યું. પરંતુ જેમના ચશ્માનો કલર જ પીળો છે તેમને બધુ પીળું દેખાય છે.આ લોકોએ કોમવાદ સિવાય અન્ય કોઇ કાર્યો કર્યા હોય તેવું દેખાતું નથી.મધર ટેરેસા અને ડો.કુરીયનની કક્ષામાં આવે તેવો તેમનો કોઇ નેતા દેખાતો નથી.પણ આ અદેખા લોકોને માત્ર કુથલી સિવાય બીજા કોઇ કાર્યમાં રસ નથી.

## હકની લડાઇ લડનારા સામે ભારતીય જનતા પાર્ટી આતંકવાદીઓ જેવું વર્તન કરે છે : શંકરસિંહ વાઘેલા

ગુજરાત અને કેન્દ્રમાં ભાજપની સરકાર સામે પોતાના સમાજ કે સંગઠન માટે હકની લડાઇ લડનારાઓ સાથે આતંકવાદીઓ જેવું વર્તન કરવામાં આવતું હોવાનો આક્ષેપ કરતાં રાજ્યના પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ભારતીય જનતા પાર્ટીને કાવતરાખોર પાર્ટી ગણાવી છે.ગાંધીનગરમાં સ્નેહમિલન કમ શક્તિ પ્રદર્શનમાં ભાજપના શાસનમાં લોકશાહીનું ચીરહરણ થઇ રહ્યું હોવાનું જણાવી આગામી દિવસોમાં ખેડા જિલ્લાના ફાગવેલ ખાતે બક્ષીપંચનું મહાસંમેલન યોજવાની જાહેરાત કરી છે. વાઘેલા સ્નેહમિલન સમારંભમાં નેસનાલિસ્ટ કોગ્રેસ પાર્ટી(એનસીપી) ના પ્રદેશ પ્રમુખ જયંત બોસ્કીની હાજરીમાં રાજ્યના રાજકારણમાં આગામી દિવસોમાં આવનારા નવા સમીકરણોની ચાડી ખાય છે.

પુર્વ મુખ્યમંત્રી વાઘેલાએ તેમના ટેકેદારોને સંબોધતા એક તબક્કે જણાવ્યુ હતું કે તેઓ ચુંટણીલક્ષી રાજકારણમાં નથી.પરંતુ રાજકારણમાં સક્રિય છે.અને ત્રિભેટે ઊભા છે.આમ છતાં તેઓ ફરીથી ભાજપ સાથે હાથ મિલાવશે નહીં કે ભાજપમાં જશે નહીં તેવો પુનરોચ્ચાર કર્યો હતો.લોકસભાની આગામી ચુંટણી અને ગુજરાતમા જસદણની બેઠકની પેટાચુંટણીમાં ભાજપને હરાવવા માટે શક્ય તમામ પ્રયત્નો કરશે.પોતાના સમાજ માટે લડવા નીકળેલા હાર્દિક પટેલને કોઇ ભાડે ઘર આપવા તૈયાર નથી.ભાજપ ગમે તે ભોગે સત્તા જાળવવા માટે કાવતરા કરે છે.સરકાર સામે અવાજ ઉઠાવનારાઓ સામે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરાઇ રહ્યો છે.

## ગોલ્ડન ગર્લ મેરીકોમનો વિશ્વ વિક્રમ : ચેમ્પિયનશીપમાં ૬ ગોલ્ડ

ભારતની સ્ટાર બોક્સર એમસી મેરીકોમે એક નવો ઇતિહાસ રચતાં વિમેન્સ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશીપમાં છઠ્ઠો ગોલ્ડ મેડલ જીત્યો હતો.મેરીકોમ આ ટુર્નામેન્ટમાં છ ગોલ્ડ જીતનારી પ્રથમ બોક્સર બની ગઇ છે. તેણે આર્યલેન્ડની કેટી ટેલરના પાંચ ગોલ્ડ મેડલનો રેકોર્ડને તોડી નાંખ્યો હતો.૪૮ કીલોગ્રામ વર્ગની ફાઇનલમાં મેરીકોમે યુક્રેનની હાન્ના ઓખાટાને ૫-૦થી પરાજય આપીને આ સુવર્ણ ઇતિહાસ રચ્યો હતો.છ ગોલ્ડ મેડલ સાથે મેરીકોમે ક્યુબાના મહાન પુરુષ બોક્સ ફેલિકસ સાવોનની બરાબરી કરી હતી.ઓલેમ્પીકમાં ત્રણ ગોલ્ડ મેડલ જીતનારા સાવોને વર્લ્ડ ચેમ્પીયનશીપમાં હેવીવેટ કેટેગરીમાં છ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીત્યો હતો.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## સીબીઆઇના અધિકારીઓ વચ્ચેના કાનુની ગજગ્રાહ વચ્ચે નવો સ્ફોટક વિવાદ ઉમેરાયો :સીબીઆઇ એન્ટીકરપ્શન યુનીટના ડીઆઇજી મનીષકુમાર સિંહાએ ભ્રષ્ટાચારના અનેક રહસ્યો ખોલ્યા

સીબીઆઇના ડીઆઇજી મનીષકુમાર સિંહા સુપ્રીમ કોર્ટમાં પહોચ્યા.તેમનો ટ્રાન્સફર ઓર્ડર રદ કરવાની માંગણી કરી સાથે સાથે ૩૫ પાનાની પીટીશન પણ દાખલ કરી જેના થકી રાજકીય ભુકંપ મચી ગયો.પીટીશનમાં આક્ષેપ કરવામાં આવ્યા હતા કે નીરવ મોદી અને રાકેશ અસ્થાના સામેની તપાસ રોકવા માટે મારી નાગપુર બદલી કરવામાં આવી છે.રાકેશ અસ્થાના સામેના આક્ષેપોની તપાસ કરવા આલોક વર્માએ રચેલી ટીમમાં સિંહાને સામેલ કરાયા હતા.તેમણે માંગણી કરી હતી કેઆલોક વર્માની અરજીની સાથે તાકીદ સુનાવણી હાથ ધરવાની અને રાકેસ અસ્થાના સામેની એફઆઇઆરની સીટ દ્વારા તપાસ કરવાની માંગણી કરી હતી .જો કે સુપ્રીમ કોર્ટે અરજી પર તાકીદે સુનાવણી કરવાનો ઇન્કાર કર્યો હતો.

સીબીઆઇએ મોઇન કુરેશીના કેસના આરોપી મનોજ પ્રસાદને દુબઇથી દિલ્હી આવતાંવેત એરપોર્ટ પરથી જ ઝડપી લઇને સીબીઆઇ હેડક્વાટર પર લાવેલા અને તેની પુછપરછ સિંહાએ કરેલી.જેમાં મનોજ પ્રસાદે તેમના પિતા દિનેશ્વર પ્રસાદ રોના નિવૃત જોઇન્ટ ડિરેક્ટર છે અને એનએસએના ચીફ અજિત ડોભાલ સાથે ઘરોબો ધરાવે છે તેવો દાવો કરીને ઉદ્દતાઇભર્યુ વર્તન કરેલું. તેમજ તેમના ભાઇએ અજીત ડોભાલના નામે કહીને સિંહાને પતાવી દેશે તેવી ધમકી પણ આપેલી.તેના ભારે સંપર્કો હોવા છતાં તેમને સીબીઆઇ કેમ ઉઠાવી શકે તે બાબતે તેમણે ઉદ્ધતાઇભર્યુ વર્તન કરેલું.

એક ઉચ્ચ અધિકારીના નામે તેમને પતાવી દેવાની ધમકી આપનારા લોકોની રાષ્ટ્રીય સલાહકાર સાથે આત્મીયતા હોવાના નાતે તેઓ દેશમાં કોઇને પણ પતાવી દે તેમાં કોઇ શંકા કેવી રીતે રાખી શકાય.ખરેખર ગંભીર બાબત છે.

પીટીશનમાં સિંહાએ એવો આક્ષેપ કર્યો છે કે જુન ૦૧૮ના પ્રથમ પંદર દિવસમાંથી એક દિવસે હાલ કેન્દ્રમાં કોલસા અને ખાણ રાજ્યપ્રધાન હરિભાઇ પરથીભાઇ ચૌધરીને કેટલાક કરોડ રુપીયા ચુકવવામાં આવ્યા હતા.અમદાવાદની કોઇક વિપુલ નામની વ્યક્તિ મારફતે આ રકમ ચુકવાઇ હતી તેવું જણાવાયું હતું.તાજેતરમાં બહાર પડેલી વિગતો મુજબ વિપુલ ઠક્કર ગુજરાતના એક મંત્રીના પર્સનલ સેક્રટરી તરીકે ગાંધીનગરમાં કાર્યરત હતા.આ માહિતી જાહેર થતાં તેઓ ભુગર્ભમાં ઉતરી ગયા છે.

## ગૃહમંત્રાલયે જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં સરહદ પર આપણા ૪૦૦ જવાનો શહીદ થઇ ગયા

કેન્દ્રીય ગૃહમંત્રાલયે શહીદ થયેલા જવાનોના સત્તાવાર આંકડા બહાર પાડ્યા છે. મંત્રાલય અનુસાર ૨૦૧૫થી ૨૦૧૭ સુધીના ત્રણ વર્ષમાં સરહદે ગોળીબાર,આતંકવાદી અને ઉગ્રવાદી ગતિવિધિઓમાં સુરક્ષાદળના ૪૦૦ જવાનો શહીદ થયા છે.ગૃહસીમા સુરક્ષા દળ(બીએસએફ)ના સૌથી વધુ જવાનો શહીદ થયા છે.

૨૦૧૫-૧૭ની વચ્ચે બીએસએફના ૧૬૭ જવાનો સરહદની રખેવાળી કરતાં શહીદ થયા છે.નકસલી ગતિવિધિ અને જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓનો સામનો કરતી વેળાએ સીઆરપીએફના ૧૦૩ જવાનોએ જીવ ગુમાવ્યા હતા બીએસએફ ૨૦૧૫માં ૬૨,૨૦૧૬માં ૧૮ અને ૨૦૧૭માં ૪૭ જવાનો તો સીઆરપીએફે ૨૦૧૫માં નવ અને ૨૦૧૬માં ૧૫ જવાનો ગુમાવ્યા હતા.ત્યારબાદ બીજા નંબરે ભારત અને નેપાળ સરહદની રખેવાળી કરતાં સશત્ર સીમાદળનો નંબર આવે છે.સશસ્ત્ર સીમાદળના ૪૮ જવાનો શહીદ થયા છે.૨૦૧૫ અને ૨૦૧૭ની વચ્ચે આઇટીબીપીના ૪૦ જવાનો શહીદ થયા છે.આઇટીબીપી જવાનો ભારત ચી સરહદની ચોકી કરે છે.ઇન્ડો મ્યાનમાર સરહદની રખેવાળી કરી રહેલા તથા પુર્વોત્તર વિસ્તારમાં આતંકવાદીઓ સામે બાથ ભીડી રહેલા આસામ રાઇફલ્સના ૩૫ જવાનોએ શહીદી વહોરી હતી.સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યોરીટી ફોર્સના બે જવાનો શહીદ થયા હતા દેશના એરપોર્ટની રક્ષાની જવાબદારી સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યોરીટીને માથે છે.

પાન નં. ૩ નું ચાલુ

લેવાનું સૌભાગ્ય મળ્યું ચે.એ ગરીબ યુવાનોને વ્યવસાય શરુ કરવા માટે ખેતરો ગીરવી મુકવા પડતા હતા. જ્યારે સરકારે તેમને કોઇપણ ગેરંટી વિના લોન આપી છે.દેશના ખેડુતોની આવક બમણી થઇ જાય તેવું અમારુ સપનું છે.દેશમા ગરિબ વ્યક્તિ કે આદિવાસીઓમાં કોઇ એવું ન હોય કે જેની પાસે રહેવા માટે પોતાનું પાકુ મકાન ન હોય .અમે એ દિશામાં ઝડપથી કામ કરી રહ્યા છીએ.૧.૨૫ કરોડ પરિવારોને નવા મકાનની ચાવી સોંપાઇ છે.તેમાંથી અનેક લોકોએ દિવાળી આ વર્ષે નવા મકાનમાં ઉજવી છે. તેમણે કહ્યુ કે કોગ્રેસના સમયમાં ભ્રષ્ટાચારની એટલી ઉધઇ જામી ગઇ કે મારે નોટબંધી જેવી કડવી અને તીવ્ર દવાનો ઉપયોગ કરવો પડ્યો હતો.

અત્યારે જે ઘર, સડક અને હોસ્પીટલો બની રહી છે. તેના માટેના પૈસા અગાઉ પથારીની નીચે છુપાવી રાખેલા ગરીબોના પૈસા બહાર આવ્યા પછી બની રહ્યા છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૯૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
● દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
● આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
● રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
● રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
● ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
● રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
● લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
● સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
● ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.
સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# શીખ વિરોધી રમખાણોમાં ૩૪ વર્ષ બાદ સજાઃ એકને ફાંસી,એકને આજીવન કેદ

૧૯૮૪ના નૃસંશ શીખ વિરોધી રમખાણોથી જોડાયેલા કેસમાં કોર્ટે ૩૪ વર્ષ બાદ કોઈને મોતની સજા ફરમાવી છે. દિલ્હીની એક અદાલતે હત્યાના મામલે દોષિત નરેશ સહરાવતને આજીવન કારાવાસની સજા સંભળાવી હતી તો યશપાલ સિંહને મોતની સજા ફરમાવી હતી.આ ઉપરાંત કોર્ટે બેઉ આરોપીઓનો ૩૫-૩૫ લાખ રુપીયા દંડ પણ કર્યો હતો.સલામતીના કારણો સર તિહાર જેલમાં આ ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો.કોર્ટે આ કેસમાં તમામ સબંધિત પક્ષોને સાંભળ્યા હતા.

પુર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીની હત્યા બાદ ફાટી નિકળેલા શીખ વિરોધી તોફાનોમાં સાઉથ દિલ્હીના મહિપાલપુર વિસ્તારમાં બે શીખ યુવકોની હત્યા કરી દેવાઈ હતી.જેના ભાઈ સંતોખસિંહે કેસ નોધાવ્યો હતો.

# કેન્દ્ર સરકારે પહેલી વાર કબુલ્યુ : નોટબંધીથી ખેડુતોની કમર તુટી ગઇ : કૃષિ મંત્રાલયે નાણામંત્રાલયની સંસદીય સમિતિને અહેવાલ સોપ્યો

નોટબંધીને બે વર્ષ પુરા થયા છે પણ તેની ચર્ચા હજુ ચાલું છે.સરકાર નોટબંધીની ઉપલબ્ધિ સાબિત કરવામાં લાગી હતી અને વિરોધપક્ષ સતત કહી રહ્યો છે કે નોટબંધીને કારણે નુકશાન થયું છે. હવે કેન્દ્ર સરકારે પોતે પહેલી વાર માન્યું છે કે નોટબંધીને કારણે ખેડુતો પર ખુબ ખરાબ પ્રભાવ પડ્યો હતો અને તેમની કમર તોડી નાંખી હતી.નાણામંત્રાલય સાથે સંકળાયેલી સંસદીય સમિતિને સોપેલા પોતાના અહેવાલમાં કૃષિમંત્રાલયે જણાવ્યુ છે કે નોટબંધીને કારણે ખેડુતોને ભારે નુકશાન પહોચ્યું છે. સંસદીય સમિતિને સોપેલા નોટબંધીના પ્રભાવ વિષેના અહેવાલમાં કૃષિમંત્રાલયે જણાવ્યુ છે કે ખેડુતો પાસે રોકડની અછત સર્જાવાને કારણે રાષ્ટ્રીય બીજ નીગમના અંદાજે ૧,૬૮,૦૦૦ ક્વિન્ટલ ઘઉના બીજનું વેચાણ જ નહોતું થયું. જો કે સ્થિતિ કથળી રહેલી હોવાનું ધ્યાને આવતાં સરકારે જુની ચલણી નોટની મદદથી બીજ ખરીદી શકાશે તેવી છુટછાટ આપી તો હતી, તેમ છતાં બીજવેચાણમાં તેજી જોવા મળી નહોતી.

કૃષિ મંત્રાલયે પોતાના અહેવાલમાં તો નોટબંધીના કુપ્રભાવ વિશે જણાવ્યુ છે પરંતુ કૃષિપ્રધાન રાધામોહનસિંહે તે વાતનું ખંડન કરતાં ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૧૬-૧૭માં બીજ વેચાણ વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં વધુ થયુ હતું તે જોતા કહી ના શકાય કે નોટબંધીનો કૃષિ પ ર કુપ્રભાવ પડ્યો છે.તેમણે કહ્યુ કે નોટબંધી થઈ ત્યારે ઘઉનવા બીજને બાદ કરતાં બાકી બીજનું વેચાણ થઈ ચુક્યું હતું. વર્ષ ૨૦૧૫-૧૬ માં ૩૦૪.૦૪ લાખ ટન બીજનું વેચાણ થયું હતું. તો તેને મુકાબલે વર્ષ ૨૦૧૬-૧૭માં રવિ મોસમમાં બીજનું વેચાણ ૩૪૮૫૮ લાખ ટન થયુ હતું.રવિ પાક પર નોટબંધીનો પ્રભાવ પડ્યાનું કહી શકાય તેમ નથી.

શ્રમમંત્રાલયે પણ નોટબંધીની પ્રશંસા કરતાં પોતાના અહેવાલમાં જણાવ્યુ છે કે મોટી નોટબંધ થઈ તે પછીના ત્રિમાસિક રોજગારીના આંકડામાં વૃધ્ધિ જોવા મળી છે. જો કે વિરોધ પક્ષ શ્રમ મંત્રાલયના દાવાથી વિપરિત વાત કરી રહ્યો છે.વિરોધપક્ષ કહેતો હતો કે નોટબંધી પછી રોજગારીની તકો ઘટી છે.રાહુલ ગાંધી કૃષિમંત્રાલયના અહેવાલ અંગે ટ્વિટ કરતા લખ્યું છે કે મોદીજી આજે પણ ખેડુતોના દુર્ભાગ્યની મજાક ઉડાવે છે.હવે તેમનુ કૃષિમંત્રાલય પણ કહે છે કે નોટબંધીથી તુટી ખેડુતોની કમર.

ધીમે ધીમે બધા વિભાગો નોટબંધીની ખરાબ અસરો માટે બોલતા થયા છે.

# સીબીઆઇ અધિકારીઓના ખટરાગ કેસમાં સુપ્રીમ કોર્ટે ગંભીર નોધ લઇને ટીકા કરતાં કહ્યુ કે “તમે સુનાવણીને લાયક નથી”



દેશની ટોચની તપાસ સંસ્થા સીબીઆઈના બે ટોચના અધિકારીઓ દ્વારા એકબીજા પર મુકવામાં આવેલા ભ્રષ્ટાચારના આક્ષેપોને આવરી લેતા અત્યંત સંવેદનશીલ કેસની વિગતો મીડીયામાં લીક થઈ જતાં સુપ્રીમ કોર્ટ નારાજ થઈ હતી. ‘‘તમે કોઈ સુનાવણીને લાયક નથી’ કહીને સુપ્રીમના જજ્જોએ સીબીઆઈના ડિરેકટર આલોક વર્માની પીટીશન પરની સુનાવણી ૨૯ નવેમ્બર પર ટાળી દીધી હતી.

ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહેલા વર્માએ તેમની સત્તાઓ આંચકી લેવા અને ફરજીયાત રજા પર ઉતારી દેવાના સરકારના નિર્ણય સામે સુપ્રીમમાં પીટીશન દાખલ કરી છે.ગત મહિને સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે તેનો રિપોર્ટ રજુ કર્યોહતો.આ રિપોર્ટ તેમજ તેના પર સીબીઆઈના વડાના જવાબ એક સીલબંધ કવરમાં સુપ્રીમમાં રજુ કરાયા હતા.સુપ્રીમે આ બંને પર સુનાવણી કરવાની હતી. પરંતુ તેણે સવાલ કર્યો કે આ તમામ વિગતો કેવી રીતે લીક થઈ અને એક ન્યુઝ વેબાસઈટે તેને કેવી રીતે પ્રકાશિત કરી દીધી ?

વર્મા સામે સીવીસીના તારણોમાં તેમના જવાબની વિગતો લીક થઈ જવાના મામલે સુપ્રીમે નારાજગી દર્શાવી હતી. ઉપરાંત એક અલગ અરજીમાં સીબીઆઈના ડીરેકટર ડીઆઈજી મનોજકુમાર સિંહાએ કરેલા આક્ષેપોના પ્રકાશનના મામલે કોર્ટે તમામની ઝાટકણી કાઢી હતી.

ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેન્ચે વર્મા વતી હાજર રહેલા સીનિયર એડવોકેટ ફલી એસ.નરીમાનની વિનંતી પર કેસને ફરીથી સાંભળવાની તૈયારી બતાવી હતી. જો કે તેણે સ્પષ્ટતા કરી હતી કે કોર્ટ કોઈ પાર્ટીને નહીં સાંભળે અને તેને ઉઠાવેલા મુદ્દાઓ સુધીજ તેને સીમીત રાખશે.

કોર્ટ તપાસ સંસ્થાની ભવ્યતા જાળવી રાખવા માટે સીબીઆઈ ડીરેકટરનો જવાબ ગુપ્ત રાખવા માંગતી હતી.

# ભ્રષ્ટાચારની ઉધઇ સાફ કરવા માટે નોટબંધી જેવી કડવી દવાનો ઉપયોગ કરાયો હતો : વડાપ્રધાન મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના ઝાબુઆમાં ચુંટણી પ્રચાર વેળાએ એક જનસભાને સંબોધતાં તેમણે કોગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.આ દરમિયાન તેમણે નોટબંધીના મુદ્દે વિપક્ષોના વારંવારના પ્રહારોને લક્ષમાં લઈને કહ્યુ હતું કે નોટબંધી એક ઝેરી અને કડવી દવા હતી પણ તેનો ફાયદો પણ થયો છે.જે રીતે ઉધઈને ખતમ કરવા માટે અતિ ઝેરી દવા જરુરી છે તેમ કોગ્રેસના શાસન દરમિયાન થયેલા ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે નોટબંધી જેવી તીવ્ર અને કડવી દવાનો ઉપયોગ કરવો પડ્યો હતો.

ઝાબુઆની જનસભામાં વડાપ્રધાને મુદ્રા યોજના, ગ્રામ સડક યોજના, આયુષ્યમાન ભારત અને આવાસ યોજનાની ઉપલબ્ધીઓ ગણાવી હતી.તેમણે કહ્યુ હતું કે મુદ્રા યોજના અંતગર્ત સરકારે ૧૪ કરોડની લોન કોઈપણ ગેરંટી વિના સ્વીકૃત કરી છે.જેમાંથી ૭૦ ટકા લોકો એવા છે જેમને બેન્કમાંતી પ્રથમવાર પૈસા

અનુ. પાન નં. ૨ ઉપર




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# બાળકને સામાજિક કેવી રીતે બનાવશો ?

થોડા સમય પુર્વે અમદાવાદમાં એક શાળામાં કેટલાક શિક્ષકો ચર્ચા કરવા એકઠા મળ્યા હતા.ચર્ચાનો વિષય હતો બાળકોમાં ઘટતા જતા મુલ્યોના સિંચન માટે શાળા અને ઘર શુ કરી શકે ?જેમાં આજનું બાળક સામાજિક ઓછું અને સ્વાર્થી વધુ જોવા મળે છે. એવો એક સુર નીકળ્યો હતો.તે માટે ચર્ચા થઈ જેમાં શિક્ષકોનું માનવું હતું કે , કેટલાંક બાળકો ખુબજ સામાજિક હોય છે.જ્યારે કેટલાંક બાળકોમાં સામાજિકતા જેવું સહકારની ભાવના જેવું કશુંય દેખાતું જ નથી.એકલા અટુલા બેઠેલા બાળકો કે કોઈને મદદ કરવાની વાત કરીએ ત્યારે તેમના મોઢા પરના નકારાત્મક ભાવ જોઈને દુઃખ થાય છે. ત્યારે બાળકને સામાજિક બનાવવા માટેના કેટલાક ઉપાયો આ શિક્ષકોએ આપ્યા હતા.

સામાજિકતાનો અર્થ આપતાં શિક્ષકોએ જણાવ્યું હતું કે પારસ્પરિક સહકારની ભાવના એટલે સામાજિકતા. પોતાની શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ અન્ય વ્યક્તિ, સંસ્થા કે સમાજ માટે કરવો એટલે સામાજિકતા. ધ્યેય કે કાર્ય સફળતાપુર્વક પુર્ણ થાય તે માટેની જરુરી મદદ. સમાજના મુલ્યોનું જતન કરીને સમાજોપયોગી બનાવાની ભાવના.

બાળક શાળામાં અને ઘરમાં કેવા વર્તન કરે તો આપણે તેને સામાજિક કહીશું ? પોતાના સહાધ્યાયીઓને મદદ કરતો હોય, અભ્યાસમાં કે અન્ય બાબતે નબળા વિદ્યાર્થીને મદદ કરતો હોય,જુથકાર્ય દરમિયાના મદદરુપ થતો હોય,જુથમાં કે પ્રવાસ પર્યટન,પ્રાર્થના સંમેલન કે શ્રમકાર્ય દરમિયાન એકબીજાની સાથે હળીમળીને રહેવાની કામ કરવાન ભાવના હોય. શાળા રિસેસ દરમિયાન સમુહમાં નાસ્તો કરે. મિત્રોમાં વધુ પ્રિય હોય, ઘરમાં વાલી અને ભાઈ બહેનને મદદરુપ બનોત હોય,મહેમાનોને આવકાર આપે,યોગ્ય રીતે વાતચીત કરે. ઘરમાં કોઈ બિમાર હોય ત્યારે તેની ભુમિકા અદા કરે.સમાજમાં યોજાતા કાર્યક્રમોમાં ભાગ લે. જાહેરમાં સામાજિક કાર્ય કરવા શરમ સંકોચ ન અનુભવે. પડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અનો મદદ કરવા શરમ સંકોચ ન અનુભવે. પાડોશી સાથે યોગ્ય વર્તાન વ્યવહાર અને મદદ કરવાની વૃત્તિ હોય. બીમાર પશુ-પંખીને મદદરુપ થાય.કુદરતી આપત્તિ સમયે પોતાની ભુમિકા અદા કરે.જેમકે ફાળો એકત્ર કરવો, કપડાં કે જરુરી ચીજવસ્તુ એકત્ર કરવા શારીરીક મદદ કરવી વિગેરે.

શાળા કે ઘરમાં ચોક્કસ પ્રકારના સુત્રો વારંવાર બોલવામાં આવે કે બાળક વાંચી શકે તેમ લખવામાં આવે તો પણ બાળક સામાજિક બનશે. કેમકે જગ સુખી તો હું સુખી. વિના સહકાર, નહી ઉધ્ધાર, ઝાઝા હાથ રળિયામણા. પહેલા ફરજ,પછી હક્ક. સહકાર સૌને ગમે. હું હંમશા બીજાને મદદ કરતો રહીને મારા જન્મને સાર્થક બનાવીશ. બાળકને સામાજિક બનાવવા તેની સમક્ષ કેટલાંક ઉદાહરણો પણ વારંવાર રજુ કરવા જોઈએ કે જેમાં તે પ્રેરણા લે. જેમકે ગાંધીજી,સરદાર વલ્લભભાઈ પટેલ,રાજા રામમોહનરાય, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ વગેરેના જીવનના અનેક પ્રસંગો છે.ઉપરાંત આપણી આસપાસના વિસ્તારમાં અને ક સામાજિક સેવાકાર્ય કરતી સંસ્થાઓ છે.તેના ઉદાહરણ આપી શકાય તેમજ તેની મુલાકાત પણ લઈ શકાય. આપણા પરિચિતો દ્વારા કોઈ સામાજિક સારુ કાર્ય થયુ હોય તો તેમાં તેના ઉદાહરણોની મોટી અસર થશે.

બાળકને સામાજિક બનાવવા માટે શાળા માં અનેક પ્રવૃત્તિઓ કરી શકાય.જેમકે શાળામાં સમાજ સેવા સમિતિ બનાવવી. જે સામાજિક કાર્યો વિદ્યાર્થીની મદદથી જ કરે.આર્થિક રીતે નબળા વદ્યાર્થીઓ માટે ભંડોળ એકત્રીત કરવું. જરુરીયાતમંદ બાળકોને પુસ્તકો, ગણવેશ મળી રહે તેવા પ્રયત્નો કરવ. શાળામાં સામાજિક કાર્યકરોને આમંત્રણ આપવું.કુદરતી આપત્તિ સમયે જરુરી મદદરુપ થવા શક્ય હોય તો વિદ્યાર્થીને સાથે રાખીને જવું.સામાજિક કાર્ય કરતા વિદ્યાર્થીનું જાહેરમાં સન્માન કરવું. શિક્ષકે પોતાના અધ્યાપન દરમિયાના સામાજિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિઓના યથાયોગ્ય ઉદાહરણો આપવા. શિક્ષકે પણ અવારનવાર સામાજિક કાર્યક્રમોમાં જોડાવું અને શાળામાં તેનો ઉલ્લેખ કરવો. વાલી સાથે પુરા આદરથી વાતચીત કરવી અને શક્ય મદદ કરવી.બાળકને સામાજિક બનાવવા માટે વાલીનો સહયોગ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા.શાળામાં વિદ્યાર્થીઓને એકબીજાની વધુ નજીક આવે, એકબીજાને મદદરુપ થાય તેવા સામુહિક કાર્યક્રમો ગોઠવવા. શિક્ષકોએ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં ઉદાહરણ બેસાડવા.

શાળા અને શિક્ષકના પ્રયત્નો ત્યાં સુધી અધુરા રહેશે જ્યાં સુધી વાલીનો સહકાર નહીં મળે.માટે જ વાલીઓ પણ બાળકને સામાજિક બનાવવાના કેટલાક કાર્યો ઈરાદાપુર્વક કરવા પડશે. જેમકે ઘરમાં દરેક સભ્ય એકબીજા સાથે યોગ્ય વર્તન કરે અને પોતાની લાગણી પ્રદર્શિત કરે તે માટેના પ્રયત્નો કરે.ઘર કે પડોશમાં જ્યારે પણ અન્યને મદદરુપ થઈ શકાય તેમ હોય ત્યારે તે કામ અવશ્ય કરવું જ. પાડોશી અને સગાં સાથે યોગ્ય નમ્રતાપુર્ણ વ્યવહાર કરવો અને જરુર પડે ત્યારે દોડી જવું.પોતાનું બાળક સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે પ્રોત્સાહન આપવું અને બાળક જ્યારે સામાજિક કાર્ય કરે ત્યારે તેના વખાણ કરવા, અન્ય વ્યક્તિની હાજરીમાં પણ વખાણ કરવા.આપણી આસપાસ આવેલી સામાજિક સંસ્થાની મુલાકાત બાળકને સાથે રાખીને લેવી.સમાજમાં જરુર પડે ત્યારે મદદ માટે જવું શક્ય હોય તો બાળકને સાથે રાખવો અથા સમગ્ર કાર્યની વાત કરવી.આપણા પરિચિતોને ત્યાં આવતાં પ્રસંગોમાં જરુરી મદદ કરવી અને બાળકને પણ તેની ઉમર પ્રમાણેના કામ સોપવા. સ્વાર્થ અને સહકારમાં ક્યાં નુકશાન અનો કયાં ફાયદો છે તે સમજાવવું.જીવનમાં આગળ વધવા અને વધારવા સહકાર એક અગત્યનું પરિબળ બની શકે તે સમજાવવું. ઘરમાં બાળકને સામાજિક કાર્યો કરવાનો સમય મળી રહે તેવું આયોજન કરવું.

શાળાએ પણ વાલીને અવારનવાર શાળામાં બોલાવીને વાલી મીટીંગ કરવી.જેમાં તેમના બાળકના સર્વાંગી વિકાસ માટે કેવા પ્રયત્નો શાળા કરી રહી છે તે જણાવવું અને સાથે તેમનો સહકાર માંગવો.ઉપરાંત શાળાને મદદરુપ થઈ શકે તેવા વાલીઓનો સહકાર અવશ્ય લેવો.તેમજ તેમને અવારનવાર જાહેરમાં બિરદાવવા. કોઈ વાલીએ સામાજિક ઉત્કૃષ્ટ કામ કર્યું હોય તો તેની જાણ શાળાના તમામ વાલીને થાય તેવા પ્રયત્નો કરવા. જેની નોંધ અન્ય વાલી લેશે અને તેમને પ્રેરણા મળશે.ટુંકમાં આજના બાળકમાં સામાજિકતા ઘટતી જાય છે તે ચિંતાનો વિષય છે.જે શાળા-શિક્ષક,વાલી અને સમાજે જાગૃત બનીને પ્રયત્નો કરવા પડશે. ઘર કે શાળા કે સમાજમાં એવા કાર્યો અને વિચારોનો પ્રસાર થવો જોઈએ કેજેમાંથી બાળક પ્રેરણા લઈને સામાજિક બને.આજે તો એવાં કેટલાંય ઘર જોવા મળે છે કે જ્યાં વાલી નોકરી ધંધે ગયા હોય ત્યારે બાળકને ઘરમાં લોક મારીને પુરીને જાય છે.આવુ બાળક કેવી રીતે સામાજિક બની શકે ?એવા પણ કુટુંબો છે જ્યાં બાળકને ઘર બહાર નિકળવાની પરવાનગી ભાગ્યે જ મળતી હોય ચે. આવા બાળકને સામાજીકતા એટલેશું તેનો ખ્યાલ ક્યાંથી હોય?

લેખક : ડો. અશોક પટેલ
(સૌ.સંદેશ)

# કૃષિ મંત્રાલયે કબુલ્યું કે નોટબંધીથી સૌથી વધુ માર ખેડુતોને પડ્યો

નાણાંકીય બાબતો અંગેની સંસદીય સમિતિને સબમીટ કરાવેલા રિપોર્ટમાં દેશના કૃષિ મંત્રાલયે પહેલીવાર કબુલ કર્યું છે કે નોટબંધીને કારણે ખેડુતોને હાડમારી વેઠવી પડી હતી.અને મોદી સરકારના આ નિર્ણયની સૌથી વધુ ખરાબ અસર ખેડુતોને થઈ હતી.કૃષિ મંત્રાલયે સંસદીય સમિતિને આપેલા રિપોર્ટને ટાંકીને જણાવ્યુ હતું કે શિયાળુ પાક માટે દેશના કરોડો ખેડુતો બિયારણ કે ખાતર ખરીદી શક્યા નહોતા ત્યાં સુધી કે જેમની પાસે વિશાળ ખેતરો છે તેવા જમીનદારો પણ નોટબંધીથી બચી શક્યા નહોતા કેમકે તેમના ખેતરોમાં કામ કરનારા રોજમદારને વેતન ચુકવવા અને બિયારણની ખરીદી માટે તેમનીપાસે નાણાં નહોતા. ભારતમાં ૨૬.૩૦ કરોડ ખેડુતો મોટાભાગે રોકડ અર્થતંત્ર પર નભે છે.તેમ કૃષિમંત્રાલયના રિપોર્ટમા ઉમેરાયું હતુ.નોટબંધીની જાહેરાત બાદ બે વર્ષ પછી કૃષિ મંત્રાલયે તેનો રિપોર્ટ સંસદીય સમિતિને સોપ્યો છે.કૃષિ મંત્રાલયે એમ પણ નોધ્યું છે કે નોટબંધીને કારણે ખેડુતો ન તો તેમને ખરીફ પાક વેચી શક્યા હતા ન તો રવિ પાકનું વાવેતર કરી શક્યા હતા.આ બંને માટે રોકડ રુપીયાની જરુર હતી.રોકડની તંગીને કારણે નેશનલ કોર્પો. તેની પાસેના ૧.૩૮ લાખ ક્વીન્ટલ ઘઉં વેચવામાં નિષ્ફળ ગયું હતું. ઘઉં રવિ પાક છે. અને દેશભરમાં ૩૦૦ લાખ હેકટર એરિયામાં તેનુ ઉત્પાદન થાય છે.કૃષિ મંત્રાલયે તો તેના રિપોર્ટમાં ત્યાં સુધી કહ્યું છે કે ઘઉંના બિયારણનું વેચાણ તે પછી પણ ઉંચકાયું નહોતું કેમકે સરકારે તેની ખરીદી માટે પણ જુની નોટોની પરવાનગી આપી નહોતી.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.